# ભાજપ માત્ર વિકાસની વાતો કરે છે : શંકરસિંહ

અમદાવાદ,તા. ૩ તાપી, સુરત શહેર જિલ્લા ખાતેના લોકદરબારમાં મોટી સંખ્યામાં વિવિધ સમસ્યા સાથે ઉપસ્થિત ભાઈ-બહેનો સંબોધન કરતા ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, આખા ગુજરાતમાંથી લોકો છેક ગાંધીનગર સુધી પ્રશ્નો લઈને આવે છે. પણ સચિવાલયમાં સામાન્ય માણસ માટે દરવાજા બંધ છે. ભાજપ લોકોને છેતરે છે. પ્રજા લાગણીમાં છેતરાય છે. ભાજપે વિકાસની માત્ર વાતો કરે છે. પરંતુ કામ રતીભર પણ કર્યું નહીં, બેરોજગારીનો મુદ્દો અસહ્ય છે. ૫૦ લાખ બેરોજગાર છે. ઘર વિહોણા લોકોની સાથે છેતરપીડી થાય છે. દેશમાં ભાજપના બે વર્ષના શાસનમાં પ્રજા મોંઘવારીથી હેરાન પરેશાન છે. ભાજર ગીત ગાય છે દેશ બદલ રહા હૈ હકીકતમાં વડાપ્રધાન રોજબરોજ વેશ બદલ રહા હૈ ભાજપ સરકાર માત્રને માત્ર જાહેરાતોની સરકાર છે. કપાસના ભાવ અગાઉ કોંગ્રેસ શાસનમાં રૂ. ૧૨૦૦ થી ૧૪૦૦ જેટલા હતા જ્યારે ભાજપ શાસનમાં કપાસના ભાવ રૂ. ૭૦૦થી રૂ. ૭૦૦ થી ૮૦૦ ખેડુતોને મળી રહ્યા છે. ગરીબી રેખા નીચેના પરિવારોને તેમને મળવાપાત્ર હકક મળતા નથી. બેપીએલ એપીએલ કાર્ડ ધારકોને અન્ન પુરવઠો મળતો નથી. લોકદરબારના માધ્યમથી કોંગ્રેસ પક્ષ તમારી સમસ્યા મુશ્કેલીઓને સાંભળીને વિવિધ વિભાગોમાં ઉંઘી ગયેલ વહીવટી તંત્રને જગાડવાનો પ્રયત્ન કરી રહી છે.

### બે વર્ષથી લોકપાલની વરણી કરાઈ જ નથી

તાપી, સુરત શહેર જિલ્લા ખાતેના લોકદરબારમાં મોટી સંખ્યામાં વિવિધ સમસ્યા સાથે ઉપસ્થિત ભાઈ બહેનો સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, ગુજરાતને ખાતરી આપેલી કે ખેડુતોની શરેડી પરનો ટેક્ષ હટાવી લઈશ. કપાસના ટેકાના ભાવ ૧૫૦૦ આપીશ. જનલોકપાલ કોંગ્રેસની સરકાર લઈ આવી છે. પરંતુ બે વર્ષથી લોકપાલની નિમણૂંક નથી કરી. કાળા નાણાવાળાને દેશની બહાર ભાગવામાં મદદ કરે છે. આ સરકાર દિલ્હીમાં ધરણાં કરનાર બધાને રોજગારી ધંધો આપી દીધી લોકોનું કઈ નથી આવ્યું. કિરણ બેદી, વી કે સિંહ, બાબા રામદેવ બધાને બધુ આપ્યું. કાયદો વ્યવસ્થા ખાડે ગઈ છે. ભ્રષ્ટાચારે માઝા મુકી છે. ચૂંટણીના વચનો ક્યારે પુરા કરશે મફત શિક્ષણ ક્યારે આપશે.



જમાલપુર જગન્નાથ મંદિરની રથયાત્રા આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. કલાકારો સમારકામમાં લાગી ગયા છે.



### મોડાસાની પ્રાર્થના વિદ્યાલયમાં સમર કેમ્પ યોજાયો

અરવલ્લી જિલ્લા પોલીસ અને સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા મોડાસા નજીક આવેલી પ્રાર્થના વિદ્યાલયમાં પાંચ દિવસના સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં જુદી જુદી ૧૧ શાળાઓના ૩૪૦ કેડેટ્સ તેમજ પોલીસતંત્રના કર્મચારીઓ અને શૈક્ષણિક સંસ્થાઓના કર્મચારીઓએ આ સમર કેમ્પમાં ભાગ લીધો હતો. આ કેમ્પમાં યોગા, રમત-ગમત, તેમજ જુદા જુદા ક્ષેત્રોના નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રાર્થના વિદ્યાલયના સ્થાપક કનુભાઈ પટેલ દ્વારા સમર કેમ્પના આયોજનને સફળ બનાવવા ખુબ જ સુંદર સહકાર પુરો પાડવામાં આવ્યો હતો.

# કોમર્સ-આર્ટ્સમાં ઓનલાઈન રજિસ્ટ્રેશન ૬ જૂનથી

## ઓનલાઈનની પ્રક્રિયા કોમર્સ ફેકલ્ટીમાં ૧૭મી મેથી શરૂ કરવામાં આવી હતી : વિદ્યાર્થીઓને સીધી રાહત થઈ શકે

અમદાવાદ,તા. ૩ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોમર્સ અને આર્ટ્સ ફેકલ્ટીમાં ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા સોમવારથી શરૂ કરવામાં આવશે. માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓનો ડેટા મોકલી દેવામાં આવ્યો છે. યુનિવર્સિટીના ઓનલાઈન પ્રવેશ માટેના કો.ઓર્ડિનેટર સૌરભ ચોકસીએ ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગઈકાલે ગુરુવારે ડેટાની સી ડી મળી ગઈ છે. પરંતુ તા. ૪ અને ૫ જુનના રોજ આઈ ટી કંપની એનઆઈસીના સર્વરમાં ફોલ્ટ હોવાથી રજિસ્ટ્રેશનની પ્રક્રિયા બંધ રહેશે. તા. ૬ જુનથી કોમર્સ અને આર્ટ્સ ફેકલ્ટીના વિવિધ અભ્યાસક્રમો માટે ઓનલાઈનની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

કોમર્સ ફેકલ્ટીમાં પ્રવેશ માટેની ઓનલાઈન પ્રક્રિયા ગત તા. ૧૭ મેથી શરૂ કરી દેવામાં આવી હતી. જો કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સામાન્ય પ્રવાહનું પરિણામ વિલંબથી જાહેર કરાયું હતું તેમજ વિદ્યાર્થીઓનાં પરિણામના ડેટાની સી ડી યુનિવર્સિટીને મોકલવામાં આવી ન હતી. જેના કારણે યુનિવર્સિટી દ્વારા કોમર્સ અને આટર્સ ફેકલ્ટીના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન હજુ સુધી શરૂ કરવામાં આવ્યું ન હતું. આ મામલે ભારે વિવાદ સર્જાયો હતો. કારણ કે અન્ય બોર્ડ જેવા કે સીબીએસઈ, આઈએસસીઈ સહિતના બોર્ડના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ હતી. જ્યારે ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન શરૂ કરાયું ન હતું. જો કે યુનિવર્સિટી દ્વારા કોમર્સ ફેકલ્ટીની ૩૦,૧૨૫ બેઠક માટે અત્યાર સુધીમાં કુલ ૨૮,૦૦૦થી વધુ બુકલેટ અને પિનનું વિતરણ કરવામાં આવ્યું છે. જ્યારે આર્ટ્સ ફેકલ્ટીની ૯૦૦૦ બેઠક માટે ગઈકાલ એટલે તા. ૨ જુનથી બુકલેટ અને પિનનું વિતરણ શરૂ કરાયું હતું. જેના અંતર્ગત પ્રથમ દિવસે કુલ ૫૫૦ બુકલેટ અને પિનનું વિતરણ કરવામાં આવ્યુંછે.

# સ્વચ્છતા-સફાઈનો સંદેશ ગામ ગામમાં પહોંચાડાશે

અમદાવાદ,તા. ૩ શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આ વર્ષના શાળા પ્રવેશોત્સવની વિશેષતાઓની છણાવટ કરતાં પ્રાસંગિક સંબોધનમાં જણાવ્યું કે, અભિયાન દરમ્યાન દરરોજ બે શાળાઓ સાથે માધ્યમિક શાળામાં પણ અધિકારીઓએ જવાનું છે. બાળકો પાસે તેમની કક્ષાનુસાર વાંચન લેખન ગુણન કરાવવાનું સુચન પણ તેમણે અધિકારીઓને કર્યું હતું. સ્વચ્છતા સફાઈનો સંદેશ ગામ ગામ ઘર ઘર પહોચે તે માટે શાળા પ્રવેશોત્સવ માટે જનારા અધિકારીઓ કાળજી લે તેમ પણ શિક્ષણ મંત્રીએ ઉમેર્યું હતું. ભુપેન્દ્રસિંહએ કહ્યું કે, ૧૦૦ ટકા સાક્ષર ગામને વિશેષ અનુદાન આપવાનું પ્રાવધાન આ વર્ષના બજેટમાં કરવાની પહેલ મુખ્યમંત્રી આનંદીબેનના નેતૃત્વમાં ગુજરાતમાં કરવામાં આવી છે. તેમણે ઘર ઘર શૌચાલય, કુપોષણમુક્તિ, અભિયાનને પણ શાળા પ્રવેશોત્સવ માટે જનારા અધિકારીઓ અહેમિયત આપે તેવો અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, ૨૦૦૨-૨૦૦૩ થી આ શિક્ષ સેવાયજ્ઞ રાજયમાં શરૂ થયો છે તેની સફળતાથી શાળા નાંમાકન દર ૭૫ ટકાએથી ૯૮ ટકાએ પહોંચ્યો છે. તેને ૧૦૦ ટકાએ લઈ જવાનો સહિયારો સંકલ્પ કરીએ. કન્યાઓનો ડ્રોપ આઉટ રેઈટ પણ ૧૧.૭૭ થી ૧.૨૧ ટકાએ તેમજ કુમાર ડ્રોપ આઉટ રેઈટ ૮.૭૨ થી ૧.૧૩ ટકા લઈ જવામાં આ અભિયાનની પરિપાટીએ સફળતા મળી છે તેમાં સૌના સહયોગને તેમણે બિરદાવ્યો હતો.



લો ગાર્ડન નજીક રવિશંકર આર્ટ ગેલેરીમાં વન્ય પ્રધાનના હસ્તે વન્ય પ્રાણીઓના ફોટોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

# સ્કૂલવર્ધી ચાર્જમાં ૧૫૦નો વધારો ઝીંકવા માટે હિલચાલ

ગાંધીનગર,તા.૩ આગામી સપ્તાહથી શરૂ થઈ રહેલાં નવા શૈક્ષણિક સત્રની સાથે જ તેમના સંતાનો માટે સ્કૂલવર્ધીના રૂપમાં વધારો સહન કરવાની નોબત આવી પડશે.કાળઝાળ મોંઘવારીના આજના યુગમાં હવે રોજબરોજના જીવનમાં જેમ ખાણી-પીણી મોંઘી બની ગઈ છે તેવી રીતે વાલીઓએ સંતાનોને સ્કૂલવર્ધીના વાહનમાં મોકલવા માટે ગત વર્ષની તુલનામાં આ વર્ષે રૂપિયા ૧૫૦ સુધીનો વધારો ચુકવવા માટેની તૈયારી રાખવી પડશે.બદલાયેલી લાઈફસ્ટાઈલ અને સતત રોકેટની ગતિથી વધી રહેલી આજની મોંઘવારીના યુગમાં બે છેડા ભેગા કરવા માટે એક પરિવારમાં બે લોકો ન કમાય તો ઘરના ચાલી શકે એવી પરિસ્થિતિમાં જ્યાં એક તરફ કાગળના ભાવમાં વધારો થયો છે એવા બહાના હેઠળ ચોપડીઓ અને નોટબૂક તેમજ ફૂલસ્કેપ ચોપડાઓના ભાવમાં વેપારીઓએ જંગી વધારો કરી દીધો.પરંતુ મને કે કમને પણ આ મોંઘાભાવના ચોપડા કે ચોપડીઓ ખરીદવા પડી રહ્યા છે.

ત્યારે બીજી તરફ સ્કૂલવર્ધી માટેના નિયમો વધુ કડક બનાવવામાં આવતા હવે સ્કૂવર્ધીની ઓટોરીક્ષાઓમાં સાત બાળકોને બેસાડવાની માંગણી સાથે સ્કૂલવર્ધી કરતા રીક્ષા ચાલકોએ નવા શૈક્ષણિક સત્રથી તેમના દરોમાં પણ વધારો લાગૂ કરવાનો નિર્ણય કર્યો છે.સૂત્રો તરફથી મળતી માહિતી મુજબ,બાળક દીઠ વેકેશન અગાઉ જે દર વસૂલવામાં આવતો હતો તેમાં રૂપિયા ૫૦ થી ૭૫ સુધીનો અને કીલોમીટર દીઠ પણ વધારો કરવાની દીશામાં સક્રીય વિચારણા કરવામાં આવી રહી છે.જેમાં જો અંતર ચાર કીલોમીટરની ઉપર જાય તો રૂપિયા ૧૫૦ થી વધુનો વધારો તેમને આપવામાં આવે તેવી વર્ધી ભરતા રીક્ષાચાલકોની માગણી છે.બીજી તરફ માતા-પિતા બંને નોકરીયાત હોય તેવા પરિવારોની અમદાવાદ શહેરમાં ઘણી મોટી સંખ્યા હોઈ આ વધારો મને કે કમને માતાપિતાને ચુકવવો પડશે.

# વલસાડમાં આજે વિકાસ પર્વ સંમેલનનું આયોજન

અમદાવાદ, તા.૩ ભાજપ પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજય સરકારના બે વર્ષની ઉજવણીના ઉપલક્ષ્યમાં યોજાનારા વિકાસ પર્વ સંમેલનની શ્રૃંખલામાં આવતીકાલ તા. ૦૪ જુનના રોજ વલસાડ ખાતે વિકાસ પર્વ સંમેલન યોજાશે. પંડ્યાએ જણાવ્યું હતું કે, આવતીકાલે તા. ૦૪ જુન ૨૦૧૬ના રોજ સાંજે ૦૬-૦૦ કલાકે આર પી એફ ગ્રાઉન્ડ, રેલ્વે ઓવરબ્રીજ પાસે, વલસાડ ખાતે યોજાનાર વિકાસ પર્વ સંમેલન ને કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવેડકરજી અને ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્ય પરશોત્તમભાઈ રૂપાલા સંબોધિત કરશે. તેઓની ઉપસ્થિતિમાં પત્રકાર પરિષદ અને મુખ્ય કાર્યકર્તાઓ સાથે બેઠક યોજાશે.

# અમદાવાદમાં ૫૮ એમએલડી પાણી ટ્રીટ વિના જ નદીમાં ઠલવાય છે

અમદાવાદ,તા.૩ કોર્પોરેશન ખાતે આજે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળી હતી.આ બેઠકમાં વાસણા ખાતે નવો ૪૮ એમએલડી ક્ષમતાનો પ્લાન્ટ બનાવવા તેમજ વિંઝોલ ખાતેના ટ્રીટમેન્ટ પ્લાન્ટના અપગ્રેડેશન અંગેની દરખાસ્તનો વિરોધ કરી દરખાસ્તો પર ફેરવિચારણા કરવા કહ્યું છે.

કમિશનરનું કહેવું છે કે,વાસણા ખાતેના હયાત પ્લાન્ટની ક્ષમતા ઓછી હોવાના કારણે પાણી ઓવરફ્લો થાય છે અને નદીમાં ગંદુપાણી વહી જાય છે.આ અંગે વિપક્ષનેતા દિનેશશર્માનું કહેવું છે કે,વાસણા ખાતે બંધ એવા ૭૬ એમએલડીના પ્લાન્ટની સામે ૪૮ એમએલડીની ક્ષમતાવાળો ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવશે તો પણ ૨૮ એમએલડીનો પ્રશ્ન તો રહેવાનો જ છે.તો શું આ પાણીને ટ્રીટ કર્યા વિના નદીમાં છોડી દેવામાં આવશે?પોલ્યુશન બોર્ડના નિયમો મુજબ આમ કરવું એ ગુનાહીત બેદરકારી છે.જે કોર્પોરેશન પોતે રોજેરોજ કરી રહ્યું છે.

ખુદ મ્યુનિસિપલ કમિશનરે પોતે તેમની દરખાસ્તમાં સ્વીકારે છે કે ક્ષમતા ઓછી હોવાથી ગંદુ પાણી નદીમાં વહી જાય છે.આ સમસ્યાના કાયમી નિરાકરણ માટે રૂપિયા ૫૮.૯૪ કરોડનો ખર્ચ કર્યા પછી પણ કાયમી ધોરણે સમસ્યા ઉકેલાય તેવા કોઈ ચિન્હો દેખાતા નથી.આ ઉપરાંત વિંઝોલમાં આવેલા હાલના ૭૦ એમએલડી ક્ષમતાવાળા પ્લાન્ટને અપગ્રેડ કરવાની સાથે ૩૫ એમએલડીની ક્ષમતાવાળો સેકન્ડરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા બાંધકામ પાછળ રૂપિયા ૫૨.૭૯ કરોડ અને મેઈન્ટેન્સ માટે રૂપિયા ૭૨.૦૪ કરોડના ખર્ચનું આયોજન છે.કમિશનરે આ દરખાસ્તમાં એક વિચિત્ર રહસ્ય ખોલીને કહ્યું છે કે,વર્ષ-૨૦૨૧ની વસ્તીને ધ્યાનમાં રાખીને આયોજન કરવામાં આવ્યું હતુ.તો આ આયોજન વર્ષ-૨૦૧૬માં જ કેવી રીતે ખોરવાઈ જાય?લોકોના ટેકસના નાણાનો દુર્વ્યય કરવાવાળા આયોજન સાથેની આ બંને દરખાસ્તો પરત કરી ફરી વિચારણા કરવા કોંગ્રેસે માંગ કરી છે.

# વિદ્યાર્થીમાં વિજ્ઞાન પ્રત્યે ઉત્સુકતા જાગે તે જરૂરી : ગોવિંદભાઈ પટેલ

રાજયના વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે વધુમાં વધુ અભિરૂચિ કેળવાય તથા કારકિર્દીમાં વધારો થાય તે માટે રાજય સરકાર કટિબદ્ધ છે એમ સાયન્સ એન્ડ ટેક્નોલોજી રાજય મંત્રી ગોવિંદભાઈ પટેલે જણાવ્યું છે. ગુજકોસ્ટના નવીન કાર્યાલયનું તાજેતરમાં ઉદઘાટન કર્યા બાદ મંત્રી પટેલે કહ્યું કે, ગુજકોસ્ટના માધ્યમ દ્વારા વિજ્ઞાન પ્રત્યે લોકો વિદ્યાર્થીને અભિરૂચિ કેળવાય તથા જ્ઞાનમાં વધારો થાય તે માટે વિવિધ નવીન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ગુજકોસ્ટ તેના લોક વિજ્ઞાન કેન્દ્રો અને સાયન્સ કેબલ નેટવર્ક દ્વારા રાજયમાં વિજ્ઞાનને લોકો સુધી અને લોકોને વિજ્ઞાન સુધી લાવવાનું પ્રશંસનીય કામ કરે છે. રાજયના વિવિધ જિલ્લાના મૂળભૂત વિજ્ઞાન, એન્જીનીયરીંગ અને ફાર્માસ્યુટિકલ જેવાં ક્ષેત્રોમાં ચાલતા સંશોધન અને વિકાસની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાનું કામ ગુજકોસ્ટ કરે છે ત્યારે વિદ્યાર્થી, લોકો તેનો વધુને વધુ લાભ લે તેવી અપીલ મંત્રીએ કરી હતી.

### હિંસા તાંડવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં લોકોના મોત થયા હતા. ભારે રક્તપાતની સ્થિતિ સર્જાઈ હતી. માર્યા ગયેલા ૨૪ લોકોમાં બે પોલીસનો સમાવેશ થાય છે જ્યારે ૨૩ પોલીસ જવાનોને ગોળીબારમાં ઈજા થયા બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ગુરુવારે સાંજે હિંસાની શરૂઆત થઈ હતી. સમગ્ર વિસ્તારમાં ભારે વિસ્ફોટક સ્થિતી હજુ પ્રવર્તી રહી છે. સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. માર્યા ગયેલા લોકોમાં એસપી અને દેખાવકારોનો સમાવેશ થાય છે. મોતનો આંકડો વધે તેવી શક્યતા છે. માર્યા ગયેલા લોકોમાં એસપી (સિટી) મુકુલ દ્વિવેદી અને પોલીસ અધિકારી સંતોષ કુમારનો પણ સમાવેશ થાય છે. બીજી બાજુ હચમચી ઉઠેલી કેન્દ્ર સરકારના ગૃહ પ્રધાન રાજનાથસિંહે આજે ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન અખિલેશ યાદવ સાથે વાત કરી હતી.હિંસક અથડામણ દરમિયાન સેંકડો લોકોને ઈજા થઈ હોવાના અહેવાલ છે. શહીદ થયેલા પોલીસ જવાનોના પરિવારને ૨૦-૨૦ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરવામાં આવી છે. જવાહર બાગ વિસ્તારમાં હિંસાની શરૂઆત એ વખતે થઈ હતી જ્યારે અલ્હાબાદ હાઈકોર્ટના આદેશ બાદ પોલીસ કાફલો જવાહર બાગમાં અતિક્રમણને દુર કરવા માટે પહોંચ્યો હતો. અતિક્રમણને દુર કરવાના પ્રયાસ હાથ ધરવાની સાથે જ લોકોમાં નારજાગીનુ મોજુ ફરી વળ્યુ હતુ. એમ માનવામાં આવે છે કે પથ્થરમારો આઝાદ ભારત વિધિક વૈચારિક ક્રાન્તિ સત્યાગ્રહી સંગઠનના કાર્યકરો દ્વારા કરવામાં આવ્યો હતો. આઈજી (કાયદો અને વ્યવસ્થા) એચઆર શર્માએ કહ્યુ હતુ કે આશરે ૩૦૦૦ લોકોના ટોળાએ પોલીસ કાફલા પર જોરદાર પથ્થરમારો કર્યો હતો. ત્યારબાદ ગોળીબાર કરાયો હતો. જવાબી કાર્યવાહીમાં પહેલા પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. ટિયરગેસના શેલ પણ છોડ્યા હતા. સ્થિતી કાબુમાં ન આવતા ગોળીબાર કરવામાં આવ્યો હતો. અતિક્રમણ ધરાવતા લોકો દ્વારા ગોળીબાર કરવામાં આવતા પોલીસ અધિકારી મુકુલ દ્વિવેદીનુ મોત થયુ હતુ.

પોલીસ અધિકારી સંતોષ કુમારનુ પણ મોત થયુ હતુ. મુખ્યપ્રધાન અખિલેશ યાદવે ઘટનાસ્થળ પર વધારાના જવાનો તૈનાત કરવાનો આદેશ કર્યો છે. દોષિતોની ધરપકડ કરવાનો પણ આદેશ આપી દેવામાં આવ્યો છે. માર્યા ગયેલાઓમાં એસપી અને એસએચઓનો સમાવેશ થાય છે. તંગદિલી હજુ પણ પ્રવર્તી રહી છે. ૩૨૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. દારુગોળો પણ કબજે કરવામાં આવ્યો છે. બે વર્ષ અગાઉ જ બાબા જયગુરુદેવના જૂથો વચ્ચે આવી જ અથડામણ થઈ હતી. જમીન ખાલી કરવા માટે આદેશ આપવામાં આવ્યા બાદ પોલીસે કોર્ટના આદેશને પાળીને કાર્યવાહી હાથ ધરી હતી. એપ્રિલ મહિનામાં મથુરા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જમીન ખાલી કરવા અતિક્રમણ કાર્યને નોટિસ ફટકારી હતી.

### અનોખી પહેલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યો છે. જેને રક્તની જરૂર હોય તેવા દર્દીની વિગત, રક્તદાન કરવાનું સ્થળ અને દર્દીના નજીકના સગાનું નામ તથા સંપર્ક નંબર ગૃપમાં મુકવામાં આવે છે. આ સાથે કયા ગ્રૃપનુ રક્ત, કેટલી બોટલ જોઈએ છે તેની વિગત હોય છે જેના આધારે જે રક્તદાતા પોતે આ રક્તદાન કરવા જવા તૈયાર હોય તે સીધો સંપર્ક કરી રક્તદાનની સેવા આપે છે તે પણ પોતાના ખર્ચે. તે દર્દી પાસેથી કોઈપણ પ્રકારનો ચાર્જ લેતો નથી. એપ્રિલ માસથી ચાલુ થયેલ આ ગૃપમાં દરરોજ સરેરાશ ૪ થી ૫ ઈન્કવાયરી આવે છે જે આ ગૃપની સફળતા દર્શાવે છે. આ યુવાનો હજુ પણ આ ગૃપમાં વધુને વધુ સ્વૈચ્છિક રક્તદાતાઓ જોડાય તેવી ઈચ્છા સેવી રહ્યાં છે. તેમનો હેતુ માત્ર ને માત્ર જરૂરિયાતમંદ દર્દીઓને અણીના સમયે રક્તદાન થકી મદદરૂપ બની તેમનું જીવન બચાવવાનો જ છે. ખરેખર સલામ છે નગરના આવી સેવાભાવી યુવા પેઢીને..!!!

